દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને મદદ કરવા માટે સલાહકાર સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૨૦૮૮૩૨/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૨૨/૦૬/૨૦૨૧.

વંચાણે લીધા:(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૦/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૦/૭૫૧/અ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૮/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: સસુખા/ અપગ /૨૦૨૦-૨૧/૭૩૯.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં. જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૦૧૩/છ-૧.

આમુખ :-

ભારત સરકાર દ્વારા દિવ્યાંગોના અધિકારોના રક્ષણ તેમજ કલ્યાણ માટે અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં. ૭૯(૭) મુજબ દિવ્યાંગો માટેના રાજ્ય કમિશનરશ્રીની મદદ માટે, રાજ્ય સરકાર દ્વારા સલાહકાર સમિતિની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. RPwD Act, 2016ની કલમ નં.૧૦૧ અન્વયે, વંચાણે લીધેલ ક્રમ(૩)માં દર્શાવેલ નોટિફિકેશનથી બનાવવામાં આવેલ, ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ નં. ૩૧ અંતર્ગત રાજ્ય કમિશનરશ્રીને મદદ કરવા સલાહકાર સમિતિની રચના અંગેના નિયમો બનાવેલ છે. દિવ્યાંગોને લગતી વિવિધ બાબતો વિશે દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને મદદ કરવા માટે, RPwD Act, 2016ની અધિસૂચિમાં નિર્દિષ્ટ કરેલ અશક્તતાના પાંચેય સમૂહો પૈકી દરેકનું પ્રતિનિધિત્વ થાય તે રીતે, નિષ્ણાંતોની બનેલી સલાહકાર સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા ક્રમાંક(૨)ના નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સમિતિની રચના માટે સૂચવેલ નામો ધ્યાને લઇ, પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ-૩૧ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને મદદ કરવા માટે RPwD Act, 2016ની અધિસૂચિમાં નિર્દિષ્ટ કરેલ અશક્તતાના પાંચેય સમૂહો પૈકી દરેક સમુહનું પ્રતિનિધિત્વ થાય તે રીતે નીચે મુજબના પાંચ સભ્યોની સલાહકાર સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ | સલાહકાર સમિતિના સભ્યો | RPwD Act, 2016ની અધિસૂચિ મુજબ સંકળાયેલ અશક્તતા | સંકળાયેલ સંસ્થાનું નામ તથા જિલ્લો |
|---|---|---|---|
| ૧. | ડૉ. રાજેશ સોલંકી | અસ્થિવિષયક (Group-1) | ઓર્થોપેડિક અને નિયામક પેરાપ્લેજીયા હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ. |
| ૨. | ડૉ. બકુલ ચંદ્રકાન્ત બુચ | બૌદ્ધિક અસમર્થતા (Group-2) | સાંત્વન, ચિતાખાના ચોક, જુનાગઢ. |
| ૩. | શ્રી ભારવી રજનીકાંત ત્રીવેદી | માનસિક દિવ્યાંગ (Group-3) | ૪૭- એ, આદિત્ય પેરેડાઇઝ બંગલોઝ, વડોદરા. |
| ૪. | શ્રી જણસારી હેમેન્દ્ર નલિનભાઇ | Thalassemia (Group-4) | શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, કચ્છ-ભુજ. |
| ૫. | શ્રીમતી આશાબેન નીતેશ સોલંકી | બૌધ્ધિક અસમર્થતા, બહુવિધ દિવ્યાંગતા (Group-5) | એ-૨૦૪, જલતરંગ ફલેટ્સ, હાલર, વલસાડ. |

ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ નં.૩૧માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ સમિતિના નામનિયુક્ત સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે. આ સમિતિનું કાર્ય The Rights of Persons with Disabilities Act, 2016ની જોગવાઇ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને તેમના કાર્યમાં મદદ કરવાનું તથા વખતોવખત રાજ્ય સરકાર દ્વારા સૂચવવામાં આવે તે મુજબ રહેશે.

સમિતિની અન્ય શરતો/જોગવાઇઓ ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ નં.૩૧ મુજબની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં-૨, કર્મયોગી ભવન,સેકટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના સભ્યશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.